# First Sale Notice

**OCTAGON COMMUNICATIONS PRIVATE LIMITED (IN LIQUIDATION)**
**CIN- U74140GJ2013PTC074619**

**Registered Office:** 10th floor-1015, Maple Trade Centre, Nr. Surdhara Circle, Sal Hospital Road, Thaltej, Ahmedabad-380054, Gujarat, India, 380054
Email: liquidation.octagon@gmail.com

Notice is hereby given to the public in general under the Insolvency and Bankruptcy Code, 2016 and Regulations made there under, in connection with the sale of assets of Corporate Debtor – **Octagon Communications Private Limited (In Liquidation)** as per the Order of Liquidation passed by Hon'ble NCLT, Ahmedabad bench dated 02.07.2024. The Liquidator proposes to "Sale the Corporate Debtor as Going Concern" as per Regulation 32(e) read with Regulation 32A of IBBI (Liquidation Process) Regulations, 2016, by E-Auction through the service provider M/s E-Procurement Technologies Ltd (Auction Tiger) via website http://ncltauction.auctiontiger.net

| | |
|---|---|
| **Date and Time of Auction** | Monday, 21.10.2024, 2:30 p.m. to 4:30 p.m.<br><br>(With Unlimited extension of 5 minutes each) |
| **Submission of Eligibility Documents** | Friday, 04.10.2024 |
| **Inspection Period & Time** | 10.10.2024 to 16.10.2024, 11:30 a.m. to 4:30 p.m. |
| **Last Date for submission of EMD and Bid Application Form** | Saturday, 19.10.2024, 6:00 p.m. |

| **Assets of the Corporate Debtor** | **Reserved Price (INR)** | **EMD (INR)** | **Incremental Bid Amount (INR)** |
|---|---|---|---|
| Sale of the Corporate Debtor "M/s Octagon Communications Private Limited, the entity as a Going Concern on "as is where is" basis with its all assets; primary assets being Commercial Premises located at Office No. 1015 & 1016, Maple Trade Centre, 10$^{th}$ Floor, Near Surdhara Circle, SAL Hospital Road, Thaltej, Ghatlodia, Ahmedabad, admeasuring combined Carpet area of 933 Sq ft plus Balcony of 41 Sq ft. | 90,00,000/- | 900,000/- | 50,000/- |

**IMPORTANT:**

1. The sale will be on "AS IS WHERE IS", "AS IS WHAT IS", "WHATEVER IT IS", "AS IS HOW IS", "WHATEVER THERE IS" and "WITHOUT RECOURSE BASIS" and as such, the sale shall be without any kind of warranties and indemnities.

2. The details of the process and timelines are outlined in the E-Auction Process Information Document, which is available on the website of the e-auction service provider, **http://ncltauction.auctiontiger.net** and you may contact the Liquidator, **Mr. Jigar Bhatt** at **E-mail:** **liquidation.octagon@gmail.com** or on (079) 49182751 on any working day from Monday to Friday between 11:00 am to 5:00 pm.
3. Interested bidders shall participate after carefully reading and agreeing to the relevant terms and conditions contained in the E-Auction Process Information Document and accordingly, submit their Expression of Interest in the manner prescribed in that Memorandum.
4. The Liquidator has the absolute right to accept or reject any or all offer(s) or adjourn / postpone / cancel the e-Auction or withdraw any assets thereof from the auction proceeding at any stage without assigning any reason thereof.
5. As per proviso to clause (f) of section 35 of the Code, the interested bidder shall not be eligible to submit a bid if it fails to meet the eligibility criteria as set out in section 29A of the Code (as amended from time to time).

JIGAR TARUNKUMAR BHATT
Insolvency Professional
IBBI/IPA-001/IP-P-01917/2019-2020/13005

**Sd/-**
**Mr. Jigar Bhatt, Liquidator**
Octagon Communications Private Limited (In Liquidation)
1010, Shilp-Zaveri, Shyamal Cross Roads, Satellite, Ahmedabad-380015
IBBI Registration No.: IBBI/IPA- 001/IP-P-01917/2019- 2020/13005

Date: 20.09.2024
Place: Ahmedabad

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૭૮૫.૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૯૨૨૩.૫ કરોડનું ટર્નઓવર



# સોનામા ૩૭૧ અને ચાંદીમાં ૧,૯૫૧નો ઉછાળો : તો ક્રૂડ તેલમાં રૂ.૬૩ની તેજી

મુંબઈ,તા.૧૯

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૪૦૧૦.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૭૮૫.૭ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૯૨૨૩.૫૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૮૪૯૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૦૩.૪૭ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૨૭૦.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૯૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૩૬૨૦ અને નીચામાં રૂ.૭૨૭૮૫ના મથાળે અથડાઈ, રૂ.૭૩૦૫૫ના આગલા બંધ સામે રૂ.૩૭૧ના ઉછાળા સાથે રૂ.૭૩૪૨૬ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૮ વધી રૂ.૫૯૪૨૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૭૨૦૭ના ભાવ થયા હતા. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૧ ઊછળી રૂ.૭૩૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૮૮૫૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૬૦૦ અને નીચામાં રૂ.૮૮૨૫૫ના મથાળે અથડાઈ, રૂ.૮૮૨૯૯ના આગલા બંધ સામે રૂ.૧૯૫૧ના ઉછાળા સાથે રૂ.૯૦૨૫૦ના ભાવે બોલાયો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૮૫૮ ઊછળી રૂ.૯૦૧૦૧ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૬૫ ઊછળી રૂ.૯૦૧૦૩ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૨૧૭૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ સપ્ટેમ્બર વાયદો રૂ.૭.૫ વધી રૂ.૮૧૬.૪૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૩.૫૫ વધી રૂ.૨૭૦.૧ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૨૩૨.૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું સપ્ટેમ્બર વાયદો ૯૦ પૈસા વધી રૂ.૧૮૪.૮૫ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૩૩૭.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૯૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૧૨ અને નીચામાં રૂ.૫૯૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૯૧૩ના આગલા બંધ સામે રૂ.૬૩ વધી રૂ.૫૯૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૨ વધી રૂ.૫૯૭૪ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૧૯૩ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૧૯૩ના ભાવ થયા હતા.કૃષિચીજોમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૭.૫ના ભાવે ખૂલી, રૂ.૮.૨ ઘટી રૂ.૯૩૭.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ખાંડી સપ્ટેમ્બર વાયદો ખાંડીદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૫૮૨૬૦ના ભાવે બોલાયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૭૩૨.૯૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૫૩૭.૩૮ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ.૧૪૬૬.૮૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૯.૪૫ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ.૫૭.૫૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૬.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૬૭.૮૨ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૭૬૯.૮૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭.૦૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ.૭.૪૩ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૭૬૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૪૭૮૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૪૯૫૪ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૭૨૯૩ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૬૭૬૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૪૭૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૩૭૯૪ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૬૧૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૪૦૯ લોટના સ્તરે રહ્યો હતો.

બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૮૩૫૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૧૮૪૯૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૧૮૩૫૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૭૦ પોઈન્ટ વધી ૧૮૪૯૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

**બિનલોહ ધાતુઓ એકંદરી વધી: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૨૭૦.૩૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૧૮૪૯૧ પોઈન્ટના સ્તરે**

## વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે

# ભારતના અમીર અને ગરીબ રાજ્યોનો ખુલાસો કરતો અહેવાલ બહાર પાડ્યો

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદએ ભારતના સૌથી અમીર અને ગરીબ રાજ્યોનો ખુલાસો કરતો અહેવાલ બહાર પાડ્યો છે. જેના પરથી દેશના કુલ જીડીપીમાં કયા રાજ્યોનું કેટલું યોગદાન છે અને રાજ્યની આર્થિક સ્થિતિનો સરળતાથી અંદાજ લગાવી શકાય છે. જેમાં પશ્ચિમ બંગાળના આંકડા આશ્ચર્યજનક છે.

ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાતા ગુજરાતનો આર્થિક વિકાસ સતત વધી રહ્યો છે. રિપોર્ટ મુજબ, છેલ્લા બે દાયકાથી દેશના જીડીપીમાં ગુજરાતનુ યોગદાન સતત વધ્યું છે. ૧૯૬૦-૬૧માં ૫.૮ ટકાનું જીડીપી યોગદાન આજે વધી ૨૦૨૩-૨૪માં ૮.૨ ટકા થયું છે. જે ૨૦૨૦-૨૧માં ૮.૧ ટકા હતું.

EAC-PM રિપોર્ટ અનુસાર, દેશના જીડીપીમાં મમતા બેનર્જી સરકાર હેઠળ પશ્ચિમ બંગાળનો હિસ્સો ઝડપથી ઘટ્યો છે. છેલ્લા કેટલાક દાયકાઓથી આ ટ્રેન્ડ ચાલી રહ્યો છે. દેશના જીડીપીમાં પશ્ચિમ બંગાળનો હિસ્સો જે ૧૯૬૦-૬૧માં ૧૦.૫% હતો, તે હવે ઘટીને માત્ર ૫.૬% થઈ ગયો છે. એટલું જ નહીં, અહીં માથાદીઠ સરેરાશ આવક પણ રાષ્ટ્રીય સરેરાશના ૮૩.૭% પર આવી ગઈ છે, જે પહેલાં ૧૨૭.૫% હતી. તેની માથાદીઠ આવક પછાત ગણાતા રાજ્ય રાજસ્થાન અને ઓરિસ્સા કરતાં પણ ઓછી છે.

ગુજરાતની માથાદીઠ આવક પણ છેલ્લા બે દાયકાથી સતત વધી છે. જે ૧૯૯૦-૯૧માં ૧૦૩.૯ ટકા હતી. જે વધી ૨૦૨૩-૨૪માં ૧૬૦.૭ ટકા થઈ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, તમિલનાડુની માથાદીઠ આવક વધી છે. જ્યારે જમ્મુ-કાશ્મીરની માથાદીઠ આવક ઘટી છે. પશ્ચિમ બંગાળના આ આંકડા ચિંતાજનક છે, કારણ કે રાજ્યમાં માથાદીઠ આવકનું સ્તર રાજસ્થાન અને ઓડિશા જેવા પરંપરાગત રીતે પછાત રાજ્યો કરતા ઓછું છે. તેની પ્રારંભિક આર્થિક તાકાત હોવા છતાં, પશ્ચિમ બંગાળમાં સતત અને આશ્ચર્યજનક ઘટાડો જોવા મળ્યો છે. બંગાળને બાદ કરતાં અન્ય દરિયાકાંઠાના રાજ્યોએ દેશના અન્ય રાજ્યો કરતાં સારું પ્રદર્શન કર્યું છે.

રિપોર્ટમાં પશ્ચિમ બંગાળની સ્થિતિ દયનીય ગણાવવામાં આવી છે, જ્યારે બિહારના આંકડા રાહતરૂપ છે કારણ કે છેલ્લા બે દાયકામાં તેની સ્થિતિ સ્થિર રહી છે.

## આગામી સમયમાં લોનના EMI ઘટશે!

# RBIની મોનેટરી પોલિસી કમિટીની મીટીંગમાં મોટો નિર્ણય લેવાય તેવી શક્યતા




નવી દિલ્હી,તા.૧૯

RBI ગવર્નર શક્તિકાંત દાસની આગેવાની હેઠળની મોનેટરી પોલિસી કમિટી (MPC) ૭-૯ ઓક્ટોબર દરમિયાન મળવાની છે અને વ્યાજ દર અંગે નિર્ણય લેશે. જો આપણે હાલમાં છૂટક ફુગાવાની વાત કરીએ તો તે ૩.૬૫ ટકા જોવા મળી છે. જ્યારે જુલાઈમાં આ જ આંકડો ૩.૫૪ ટકા જોવા મળ્યો હતો.ફેડે વ્યાજ દર ઘટાડવાની શરૂઆત કરી છે. ફેડે બુધવારે ચાર વર્ષ પછી વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. અમેરિકન સેન્ટ્રલ બેંકે વ્યાજ દરોમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે શું ભારતની સેન્ટ્રલ બેંક ઓક્ટોબર કે ડિસેમ્બરમાં ઘટાડો કરશે. તેમજ યુએસ ફેડની મીટિંગ પણ હજી બાકી છે. જેમાં ફેડ ચીફે સંકેત આપ્યો હતો કે તેઓ વર્ષના અંત સુધીમાં દરમાં ૦.૫૦ બેસિસ પોઈન્ટ્સ અને વર્ષ ૨૦૨૫માં એક ટકાનો ઘટાડો કરવાનો વિશ્વાસ જણાવ્યો છે. તો બીજી તરફ આરબીઆઈ માર્ચ ૨૦૨૫માં વ્યાજ દરમાં કોઈ ઘટાડો ન કરવા વિશે વિચાર કર્યો છે. ભારતીય સ્ટેટ બેંકના અધ્યક્ષ સીએસ શેટ્ટીએ જણાવ્યું કે, ફૂડ ઈન્ફ્લેશન પર અનિશ્ચિતતાને જોતા રિઝર્વ બેંક ૨૦૨૪ દરમિયાન બેંચમાર્ક પોલિસી રેટમાં રાહત આપે તેવી શક્યતા નથી. SBI ચીફે કહ્યું કે વ્યાજ દરના મોરચે ઘણી સેન્ટ્રલ બેંકો સ્વતંત્ર નિર્ણય લઈ રહી છે. જ્યારે ફેડની તરફથી કરવામાં આવેલ વ્યાજ દરમાં ઘટાડો દરેકને અસર કરશે. આરબીઆઈ વ્યાજ દરમાં ઘટાડો કરવા પર નિર્ણય લેતા પહેલા ખાદ્ય ફુગાવાને ધ્યાનમાં રાખશે. તેમને કહ્યું કે, અમારું માનવું છે કે ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન વ્યાજ દરમાં ઘટાડો કરી શકાશે નહીં, કદાચ અમારે નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટર સુધી રાહ જોવી પડી શકે છે.

આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસની આગેવાની હેઠળની મોનેટરી પોલિસી કમિટી (MPC) ૭-૯ ઓક્ટોબર દરમિયાન મળવાની છે અને આ બેઠકમાં વ્યાજ દર પર નિર્ણય લેવામાં આવશે. વાત કરીએ અત્યારના સમયમાં છૂટક ફુગાવાની તો તે ૩.૬૫ ટકા જોવા મળી છે. જ્યારે જુલાઈમાં આંકડો ૩.૫૪ ટકા જોવા મળ્યો હતો. તેનો અર્થ એ થયો કે સતત બે મહિના સુધી મોંઘવારી દર ૪ ટકાથી નીચે જોવા મળ્યો છે. આરબીઆઈનું સરેરાશ લક્ષ્ય ૪ ટકાથી નીચે છે. હાઈ ફૂડ ઈન્ફ્લેશનના રિસ્કની વચ્ચે આરબીઆઈએ ઓગસ્ટના એમપીસીમાં વ્યાજ દરમાં કોઈ ફેરફાર નથી કર્યો.

**ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન વ્યાજ દરમાં ઘટાડો કરી શકાશે નહીં**

# વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં નિકાસ એક મોટો પડકાર બની ગયો

નવી દિલ્હીતા.૧૯

ઓગસ્ટમાં દેશની વેપાર ખાધ ૨૯.૭ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે, જે છેલ્લા ૧૦ મહિનામાં સૌથી મોટો આંકડો છે. સોનાની આયાત બમણી થવાને કારણે કોમોડિટીની આયાત પણ ઓગસ્ટમાં રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ છે. ચીનમાં મંદી, પેટ્રોલિયમના ભાવમાં ઘટાડો, વિકસિત અર્થતંત્રોમાં મંદી અને પરિવહન અને લોજિસ્ટિક્સ સંબંધિત પડકારોને કારણે નિકાસને અસર થઈ છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં નિકાસ એક મોટો પડકાર બની ગયો છે. ચીનમાં મંદી છે અને યુરોપ અને અમેરિકામાં મંદીનું દબાણ દેખાઈ રહ્યું છે. જ્યારે સુએઝ કેનાલ દ્વારા કેપ ઓફ ગુડ હોપમાં જહાજો મોકલવામાં આવે છે ત્યારે શિપિંગ પણ મોંઘું બન્યું છે.તહેવારો પહેલા સ્ટોક જમા થવાને કારણે જુલાઈમાં સોના પરની આયાત ડયૂટી ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવામાં આવી હતી, જેના કારણે ઓગસ્ટમાં સોનાની આયાત કુલ ૧૦ અબજ ડોલરે પહોંચી હતી, જેના કારણે કુલ કોમોડિટી આયાતમાં ૩ ટકાનો વધારો થયો હતો. . બીજી તરફ, પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ ૩૭.૫ ટકા ઘટીને ૫૯૫ બિલિયન ડોલર થઈ છે. જેમ્સ અને જ્વેલરીની નિકાસ પણ ૨૩ ટકા ઘટીને ૧.૯ બિલિયન ડોલર થઈ છે.

## કન્ટેનર નિર્માતાએ નાણાકીય મુશ્કેલીઓ વચ્ચે યુએસમાં તેના છેલ્લા બાકી રહેલા પ્લાન્ટના શટર પાડી દીધા

# જાણીતી બ્રાન્ડ ટપરવેરના ચાહકો માટે માઠા સમચાર : નાદારી નોંધાવવાનો નિર્ણય




નવી દિલ્હી,તા.૧૯

અમેરિકા જ નહીં પરંતુ વિશ્વભરમાં જાણીતી અને વિશ્વસનીય બનેલી બ્રાન્ડ ટપરવેરે નાદારી નોંધાવી છે. ટપરવેરે યુએસમાં તેના છેલ્લા રહેલા પ્લાન્ટના શટર પાડી દીધાના થોડા સમય બાદ બેંકરપ્સી ફાઈલ કરી છે. કંપનીનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી તે નાણાકિય ભીડનો સામનો કરી રહી હતી અને તેના કારણે તેણે નાદારી નોંધાવવાનો નિર્ણય લીધો છે.

અમેરિકા જ નહીં પરંતુ વિશ્વમાં જાણીતી બ્રાન્ડ ટપરવેરના ચાહકો માટે એક માઠા સમચાર આવ્યા છે. ટપરવેર બ્રાન્ડ્સ કોર્પોરેશને નાદારી જાહેર કરી છે. આઈકોનિક અમેરિકન ફૂડ સ્ટોરેજ કન્ટેનર નિર્માતાએ નાણાકીય મુશ્કેલીઓ વચ્ચે યુએસમાં તેના છેલ્લા બાકી રહેલા પ્લાન્ટના શટર પાડી દીધા છે અને તેના થોડા મહિનાઓ બાદ તેણે નાદારી જાહેર કરી છે. કંપનીએ ડેલવેર ડિસ્ટ્રિક્ટ માટે યુએસ બેંકરપ્સી કોર્ટમાં ચેપ્ટર ૧૧ની કાર્યવાહી શરૂ કરવાના તેના સ્વૈચ્છિક નિર્ણયની ઔપચારિક જાહેરાત કરી હતી. બેંકરપ્સી ફાઈલિંગ અનુસાર કંપનીએ એસ્ટિમેટેડ એસેટ્સમાં ૫૦૦ મિલિયન ડોલર-૧ બિલિયન ડોલર અને એસ્ટિમેટેડ લાયાબિલિટિઝ ૧ બિલિયન ડોલર-૧૦ બિલિયન ડોલર લિસ્ટેડ કરવામાં આવી છે. જ્યારે લેણદારોની સંખ્યા ૫૦,૦૦૧-૧,૦૦,૦૦૦ની વચ્ચે દર્શાવી હતી.ટપરવેરના પ્રેસિડેન્ટ અને CEO લૌરી એન ગોલ્ડમેને એક નિવેદન જાહેર કરીને પોતાના ગ્રાહકોનો આભાર માન્યો હતો. આ સાથે તેમણે તે પણ કહ્યું હતું કે, અમે અમારા મૂલ્યવાન ગ્રાહકોને આ પ્રક્રિયા દરમિયાન તેમને ગમતા અને વિશ્વાસુ હાઈક્વોલિટી ઉત્પાદનો સાથે સેવા આપવાનું ચાલું રાખવાની યોજના બનાવીએ છીએ. તેણીનું કહેવું છે કે છેલ્લા ઘણા વર્ષોમાં પડકારરૂપ મેક્રોઈકોનોમિક એન્વાયર્મેન્ટથી કંપનીની નાણાકીય સ્થિતિ ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ છે. જેના કારણે કંપનીએ અસંખ્ય વ્યૂહાત્મક વિકલ્પોની શોધ કરી છે અને નિર્ધારિત કર્યું છે બેંકરપ્સી ફાઈલ કરવી તે યોગ્ય માર્ગ છે. ટપરવેરની સ્થાપના ૧૯૪૬માં કેમિસ્ટ અર્લ ટપર દ્વારા કરવામાં આવી હતી. કંપનીએ કોર્ટને સેલ્સ કન્સલ્ટન્ટ્સ અને રિટેલ પાર્ટનર્સ તેમજ ઓનલાઈન દ્વારા કામગીરી ચાલુ રાખવાની મંજૂરી આપવા માટેનું કહ્યું છે. ટપરવેર કંપની ફ્લોરિડાના ઓર્લેન્ડોમાં સ્થિત છે અને કંપનીને તાજેતરના વર્ષોમાં શ્રેણીબદ્ધ સંઘર્ષોનો સામનો કરવો પડ્યો છે. ૨૦૨૦માં કંપનીએ ટર્નઅરાઉન્ડ પ્લાન શરૂ કર્યો અને ત્યારથી તે પ્રોફિટેબિલિટીમાં સુધારો કરવા, તેની બેલેન્સ શીટને મજબૂત કરવા અને તેના દેવાનું રિસ્ટ્રક્ચરિંગ કરવા સહિતના લક્ષ્યોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારબાદ જૂનમાં ટપરવેરે જાહેરાત કરી કે તે સાઉથ કેરોલાઈનાના હેમિંગ્વેમાં તેની ફેસિલિટિઝ કાયમી ધોરણે બંધ કરશે.

**ટપરવેર કંપની ફ્લોરિડાના ઓર્લેન્ડોમાં સ્થિત છે અને કંપનીને તાજેતરના વર્ષોમાં શ્રેણીબદ્ધ સંઘર્ષોનો સામનો**

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૨૪–૨૫**

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાકટરોની યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ(સ્ટેટ), ઈડર,ફોન નંબર: (૦૨૭૭૮) ૨૫૦૨૦૫, ધ્વારા મકાનોને લગતા કામો કે જેની અંદાજીત રકમ ૧.૦૦ લાખ થી ૩.૦૦ લાખ સુધીના છે. સદરહું ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓને તા.૨૭.૯.૨૦૨૪ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડરો ભરાઈને તા.૦૮.૧૦.૨૦૨૪ સુધીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ ધ્વારા અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

(નામાનિ/હિંમત/૨૧૮/૨૦૨૪)

**પ્રથમ વેચાણ નોટીસ**

**ઓક્ટાગોન કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડ(લિક્વીડેશનમાં)**

CIN- U74140GJ2013PTC074619

રજીસ્ટર્ડ ઓફિસ : ૧૦મો માળ, ૧૦૧૫, મેપલ ટ્રેડ સેન્ટર, સુરધારા સર્કલ પાસે, સાલ હોસ્પિટલ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪, ગુજરાત, ઈન્ડિયા, ૩૮૦૦૫૪

Email: liquidation.octagon@gmail.com

ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્ટસી કોડ, ૨૦૧૬ અને તેની નીચેના નિયમન હેઠળ માનનીય એનસીએલટી, અમદાવાદ બેંચે તારીખ ૦૨.૦૭.૨૦૨૪ના લિક્વિડેશનના પસાર કરેલા આદેશ મુજબ કોર્પોરેટ દેવાદાર **ઓક્ટાગોન કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડ (લિક્વિડેશનમાં)**ની મિલકતોનું વેચાણ હાથ ધરવામાં આવશે તે અંગે આ નોટિસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. લિક્વિડેટર દ્વારા આઇબીબીઆઈ (લિક્વિડેશન પ્રોસેસ) રેગ્યુલેશનન્સ ૨૦૧૬ના રેગ્યુલેશન ૩૨એ સાથે વાંચવામાં આવતા રેગ્યુલેશન ૩૨(ઇ) મુજબ ''કોર્પોરેટ દેવાદારને ગોઇંગ કન્સર્ન તરીકે વેચવા''નો પ્રસ્તાવ છે, જે સેવા પ્રદાતા મેસર્સ ઇ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ લિમિટેડ (હરાજી ટાઇગર) મારફતે વેબસાઇટ http://ncltauction.auctiontiger.net મારફતે ઇ-હરાજી દ્વારા વાંચવામાં આવે છે.

| | |
|---|---|
| હરાજીની તારીખ અને સમય | સોમવાર, ૨૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી (દરેક ૫ મિનિટના અમર્યાદિત વધારા સહિત) |
| યોગ્ય દસ્તાવેજો જમા કરાવવાની તારીખ | શુક્રવાર, ૦૪.૧૦.૨૦૨૪ |
| નિરીક્ષણનો સમયગાળો અને સમય | ૧૦.૧૦.૨૦૨૪ થી ૧૬.૧૦.૨૦૨૪, સવારે ૧૧:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી |
| બીડ એપ્લિકેશન ફોર્મ અને ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય | શનિવાર, ૧૯.૧૦.૨૦૨૪, સાંજે ૬:૦૦ સુધી |

| કોર્પોરેટ દેવાદારની મિલકતો | રીઝર્વ કિંમત (રૂા. માં) | ઈએમડી (રૂા. માં) | બીડ વૃદ્ધિ રકમ (રૂા.માં) |
|---|---|---|---|
| કોર્પોરેટ દેવાદાર "મેસર્સ ઓક્ટાગોન કોમ્યુનિકેશન્સ પ્રાઇવેટ લિમિટેડનું વેચાણ, જે તેની તમામ અસ્ક્યામતો સાથે "જ્યાં છે ત્યાં" ના આધારે ગોઇંગ કન્સર્ન તરીકેની એન્ટિટી છે; પ્રાથમિક મિલકતો ઓફિસ નં.૧૦૧૫ અને ૧૦૧૬, મેપલ ટ્રેડ સેન્ટર, ૧૦મા માળે, સુરધારા સર્કલ નજીક, સાલ હોસ્પિટલ રોડ, થલતેજ, ઘાટલોડિયા, અમદાવાદ ખાતે આવેલી વાણિજ્યિક પરિસર, ૯૩૩ ચોરસ ફૂટના કમ્બાઈન્ડ કાર્પેટ એરિયા અને ૪૧ ચોરસ ફૂટની બાલ્કની છે. | ૯૦,૦૦,૦૦૦ | ૯,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦/- |

**અગત્યનું :**

૧. આ વેચાણ **જ્યાં જેમ છે, જે કાંઇ છે, જે પ્રમાણે છે, જેમ છે તેમ, જે ત્યાં છે, આશ્રય વગર** અને આ વેચાણ કોઇપણ પ્રકારની વોરંટી અને નુકશાની વગરનું રહેશે.
૨. પ્રક્રિયા અને ટાઇમ લાઇનની વિગતો ઈ-હરાજી પ્રક્રિયાની માહિતી દસ્તાવેજમાં દર્શાવેલ છે. જે ઇ-હરાજી સર્વિસ પ્રદાતાની વેબસાઇટ https://ncltauction.auctiontiger.net પર ઉપલબ્ધ છે. તમે લિક્વિડેટર **શ્રી જીગર ભટ્ટ** અને અથવા ઇ-મેલ liquidation.octagon@gmail.com, અથવા (૦૭૯) ૪૯૧૮૨૭૫૧ ઉપર સોમવારથી શુક્રવાર સુધીના કોઈપણ કામકાજના દિવસે સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા વચ્ચે મળી શકો છે.
૩. રસ ધરાવતા બિડરોએ વેચાણ પ્રક્રિયા માહિતી, દસ્તાવેજો સમાવિષ્ટ સંબંધિત નિયમો અને શરતોને કાળજીપૂર્વક વાંચ્યા પછી અને સંમત થયા પછી ભાગ લેવો જોઈએ અને તે મુજબ, તે મેમોરેન્ડમમાં નિર્ધારિત રીતે તેમની રુચિની અભિવ્યક્તિ સબમિટ કરવી જોઈએ.
૪. લિક્વિડેટર પાસે કોઈપણ અથવા તમામ ઓફર(ઓ)ને સ્વીકારવાનો અથવા નકારવાનો અથવા ઈ-ઓક્શનને મુલતવી/સ્થગિત કરવાનો/રદ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અથવા તેનું કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ તબક્કે હરાજીની કાર્યવાહીમાંથી તેની કોઈપણ સંપત્તિ પાછી ખેંચી લેવાનો સંપૂર્ણ અધિકાર છે.
૫. આ કોડની કલમ ૩૫ના નિયમ(એફ)ની જોગવાઇ મુજબ બિડરો આ કોડની કલમ ૨૯એ (સમયે સમયના સુધારા મુજબ) ના માપદંડો મુજબ યોગ્યતાના ધોરણો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જશે તો તેઓ બિડ સુપ્રત કરવામાં યોગ્ય ગણાશે નહિ.

સહી/-
શ્રી જીગર ભટ્ટ, લિક્વીડેટર
ઓક્ટાગોન કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડ (લિક્વીડેશનમાં)
૧૦૧૦, શિલ્પ-ઝવેરી, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

તારીખ: ૨૦.૦૯.૨૦૨૪
સ્થળ : અમદાવાદ

આઈબીબી રજીસ્ટ્રેશન નં.IBBI/IPA- 001/IP-P-01917/2019- 2020/13005

## વોડાફોન આઈડિયાનો સ્ટોક ૨૦ ટકા ઘટ્યો

# વોડાફોન આઈડિયા અને ઈન્ડસ ટાવરના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો



નવી દિલ્હી,તા.૧૯

ટેલિકોમ કંપનીઓ વોડાફોન આઈડિયા અને ઈન્ડસ ટાવર્સને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે આ કંપનીઓના છથ્થ્ઈ લેણાં પર કોર્ટના જૂના આદેશની સમીક્ષાની માંગ કરતી ક્યૂરેટિવ પિટિશનને ફગાવી દીધી છે. વોડાફોન આઈડિયા અને ભારતી એરટેલે આ અરજી દાખલ કરી હતી જેમાં ટેલિકોમ્યુનિકેશન વિભાગની છથ્થ્ઈ લેણાંની ગણતરીની પદ્ધતિ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટ દ્વારા ટેલિકોમ કંપનીઓની ક્યુરેટિવ પિટિશનને ફગાવી દેવાના કારણે વોડાફોન આઈડિયા અને ઈન્ડસ ટાવરના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. વોડાફોન આઈડિયાનો સ્ટોક ૨૦ ટકા ઘટ્યો. વોડાફોન આઈડિયાનો શેર અગાઉના રૂ. ૧૨.૯૦ના બંધ ભાવથી લગભગ ૨૦ ટકા ઘટીને રૂ. ૧૦.૩૬ થયો હતો. હાલમાં શેર ૧૫.૫૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦.૮૯ પર ટ્રેડ કરી રહ્યો છે. વોડાફોન આઈડિયાનો શેર તેની એફપીઓ કિંમત રૂ. ૧૧થી નીચે આવી ગયો છે.

ઈન્ડસ ટાવર શેર અગાઉના બંધ કરતાં લગભગ ૧૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૬૬.૩૫ પર નીચે આવી ગયો હતો. હાલમાં ઈન્ડસ ટાવર ૯.૬૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૬.૮૫ પર ટ્રેડ કરી રહ્યો છે. જોકે, ભારતી એરટેલનો શેર ૨.૫૦ ટકાના વધારા સાથે કારોબાર કરી રહ્યો છે.

નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલી વોડાફોન આઈડિયા પાસે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં રૂ. ૭૦,૩૨૦ કરોડનો બાકી છથ્થ્ઈ હતો. જુલાઈ મહિનામાં, કંપનીએ કોર્ટના ૨૦૧૯ના નિર્ણય સામે ક્યુરેટિવ પિટિશન દાખલ કરી હતી અને સુપ્રીમ કોર્ટને આ કેસની વહેલી તકે સુનાવણી કરવાની માંગ કરી હતી.અમેરિકન ફેડરલ રિઝર્વે વ્યાજ દરોમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે અને અપેક્ષા મુજબ સ્થાનિક શેરબજારો તેજી સાથે ઓપન થયા હતા. આજે યુએસ ફેડના નિર્ણયની તાત્કાલિક અસર ભારતીય બજાર પર જોવા મળી રહી છે અને સેન્સેક્સ-નિફ્ટી રેકોર્ડ હાઈ પર ખુલ્યા છે.

**યુએસ ફેડના નિર્ણયની તાત્કાલિક અસર ભારતીય બજાર પર જોવા મળી**

# વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ ૭૮ હજારને પાર થવાની શક્યતા

નવી દિલ્હી,તા.૧૯

સેન્ટ્રલ બેંક ફેડ રિઝર્વે ચાર વર્ષ પછી વ્યાજદરમાં ઘટાડો કર્યો તેની અસર શેરમાર્કેટ અને ખાસ કરીનેને સોનાના ભાવ પર પડી છે. આ નિર્ણય બાદ સોનાની કિંમત વધી અને પ્રતિ ઔંસ કિંમત ૨૬૦૦ ડોલરને પાર કરી ગઈ છે.વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાની સેન્ટ્રલ બેંક ફેડ રિઝર્વે વ્યાજદરમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. જે બાદ અમેરિકામાં કુલ વ્યાજ દર ઘટીને ૫ ટકા થઈ ગયા છે. ફેડરલ રિઝર્વે ૪ વર્ષ બાદ વ્યાજદરમાં ઘટાડો કર્યો છે અને તેની અસર શેરમાર્કેટ અને ખાસ કરીનેને સોનાના ભાવ પર પડી છે.સેન્ટ્રલ બેંક ફેડ રિઝર્વે ચાર વર્ષ પછી વ્યાજદરમાં ઘટાડો કર્યો ત્યારે સોનાની ચમક રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી હતી. પ્રથમ વખત સોનાની કિંમત પ્રતિ ઔંસ કિંમત ૨૬૦૦ ડોલરને પાર કરી ગઈ છે અને અત્યારે ઝ્ર્સ્ઈઠ પર સોનું ૨૬૨૭.૨ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયું છે. આ નિર્ણય પછી સોનાની ચમકમાં ૧.૨ ટકાનો વધારો થયો છે.જો ભારતની વાત કરીએ તો વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ ઘણો વધી શકે છે. આનો અર્થ એ થયો કે સોનાની કિંમતમાં વર્તમાન સ્તરથી રૂ. ૫૦૦૦થી વધુનો વધારો જોવા મળી શકે છે. અત્યારે સોનાની કિંમત ૭૩ હજાર રૂપિયાની નીચે ટ્રેડ થઈ રહી છે. બીજી તરફ દિવાળી સુધીમાં સોનાની કિંમતમાં ૩૦૦૦ રૂપિયાથી વધુનો વધારો જોવા મળી શકે છે.

# ભારતમાં વેડિંગ ઈન્ડસ્ટ્રીને ક્યારેય મંદી નડતી નથી અને દર વર્ષે તેની સાઈઝમા વધારો

નવી દિલ્હી,તા.૧૯

ભારતમાં દર વર્ષે લગભગ એક કરોડ લગ્ન થાય છે જેમાં લોકો ૧૩૦ અબજ ડોલરનો અંદાજિત ખર્ચ કરે છે. ભારતમાં હવે મેરેજની સિઝન શરૂ થશે જે બે મહિના સુધી ચાલશે. ગોલ્ડની ઈમ્પોર્ટ પરની ડ્યૂટી ૧૫ ટકાતી ઘટાડીને ૬ ટકા કરવામાં આવી તેના કારણે આખા દેશમાં સોનાની ખરીદીને વેગ મળે તેવી શક્યતા છે. ભારતમાં લગ્નપ્રસંગ એ નાણાં ખર્ચ કરવા માટેનો સૌથી મોટો પ્રસંગ ગણવામાં આવે છે જેમાં લોકો પોતાની ક્ષમતા બહાર જઈને ખર્ચ કરે છે. એક અંદાજ પ્રમાણે આગામી બે મહિનામાં લગ્નની સિઝનમાં દેશમાં લગભગ ૩૫ લાખ લગ્ન થશે જેમાં કૂલ ૪.૨૫ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કપડાં, જ્વેલરી, મેરેજ હોલથી લઈને જમણવાર સુધીમાં ભારતમાં મોટી રકમ ખર્ચ કરવામાં આવે છે પરંતુ તે એક ઈન્ડસ્ટ્રી છે જે લાખો લોકોને રોજગારી પણ આપે છે. ભારતમાં હવે મેરેજની સિઝન શરૂ થશે જે બે મહિના સુધી ચાલશે. વેડિંગ ઈન્ડસ્ટ્રીને ક્યારેય મંદી નડતી નથી અને દર વર્ષે તેની સાઈઝ વધતી જ જાય છે. બેન્ડ, બાજા, બારાત અને માર્કેટ્સ. તેમાં જણાવાયું છે કે ભારતની વેડિંગ ઈન્ડસ્ટ્રીની સાઈઝ ૧૩૦ અબજ ડોલરની છે અને જ્યારે મોટા પાયે લગ્નો થતા હોય અને લોકો ખર્ચ કરતા હોય ત્યારે શેરબજારમાં પણ ટિપિકલી તેજી જોવા મળે છે.ભારત એ દુનિયામાં બીજા નંબરની સૌથી મોટી વેડિંગ ઈન્ડસ્ટ્રી ધરાવે છે. નવેમ્બરથી લઈને ડિસેમ્બરના મધ્ય સુધી હવે લગ્નો જોવા મળશે. ગયા વર્ષે આ સમયગાળામાં દેશમાં લગભગ ૩૫ લાખ મેરેજ થયા હતા જ્યારે આ વર્ષે ૩૫ લાખ મેરેજ થવાની શક્યતા છે.